ગુજરાત રાજય (રાજય અને રાષ્ટ્રીય) એવોર્ડી શિક્ષકોને ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમોની તમામ બસોમાં નિઃશુલ્ક સુવિધા આપવા અંગે.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ક્રમાંક: પીઆરઇ/૧૪/૨૦૧૬/૨૬૫૦૬૯/ક-૧

સચિવાલય, ગાંધીનગર.

તા.*e-Sign* મુજબ

<u>વંચાણે લીધા:</u>

(૧) શિક્ષણ વિભાગનો તા.૦૫/૦૧/૧૯૯૬ નો ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૩૯૪/એમ.એલ.એ./૨૫/ક

(૨) શિક્ષણ વિભાગનો તા.૨૨/૦૬/૨૦૧૬ નો ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૪૨૦૧૬/૨૬૫૦૬૯/૬

(૩) શિક્ષણ વિભાગનો તા.૨૯/૧૦/૨૦૧૬ નો સુધારા ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૪૨૦૧૬/૨૬૫૦૬૯/ક

(૪) ગુજરાત (રાજ્ય અને રાષ્ટ્રિય) એવોર્ડી ટીચર્સ ફેડરેશનની તા.૧૨/૦૭/૨૦૨૪ની જા.નં.૩૦૨ તથા પૂર્વે અને ત્યારબાદ કરવામાં આવેલ તમામ રજૂઆત

(૫) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણની કચેરી,ગાંધીનગરનો તા.૧૨/૦૫/૨૦૨૫નો પત્રક્રમાંક: પ્રાશિનિ/જ/R.F.I.D.કાર્ડ/૨૦૨૫/ તથા તા.૩૦/૦૫/૨૦૨૫નો પત્રક્રમાંક: પ્રાશિનિ/જ/રાજ્યએવોર્ડ /૨૦૨૫/

<u>સુધારા ઠરાવ:</u>

ગુજરાત રાજય (રાજય અને રાષ્ટ્રીય) પારિતાષિક વિજેતા શિક્ષકોને વંચાણમાં લીધેલ ક્રમાંક-(૨)ના શિક્ષણ વિભાગના તા.૨૨/૦૬/૨૦૧૬ના ઠરાવ મુજબ હાલ ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમોની લોકલ/એકસપ્રેસ/ગુર્જરનગરી બસોમાં અમર્યાદિત કિ.મી.ની નિઃશુલ્ક સુવિધા આપવા તથા બારકોડેડ ઓળખકાર્ડ આપવાની યોજના અમલમાં છે. ગુજરાત (રાજ્ય અને રાષ્ટ્રિય) એવોર્ડી ટીચર્સ ફેડરેશનના વંચાણે લીધેલા ક્રમાંક-(૪)ના તા.૧૨/૦૭/૨૦૨૪ના તથા અન્ય વિવિધ પત્રો અન્વયે ઠરાવમાં સુધારો કરવાની રજૂઆત કરવામાં આવી હતી, આથી પુખ્ત વિચારણાને અંતે વંચાણમાં લીધેલ ક્રમાંક-(૨)ના શિક્ષણ વિભાગના તા.૨૨/૦૬/૨૦૧૬ ઠરાવમાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

(૧) શિક્ષણ વિભાગના તા.૨૨/૦૬/૨૦૧૬ના ઠરાવમાં " મુદ્દાનં.(૨) આ યોજના મુજબ ગુજરાત રાજયમાં જ ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમની બસોમાં મફત મુસાફરી કરી શકશે." તેવી જોગવાઇ કરવામાં આવી છે તેના બદલે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

> “મુદ્દાનં.(૨) આ યોજના મુજબ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની બસ જ્યાં-જ્યાં જાય ત્યાં સુધી મુસાફરીનો લાભ મળશે.”

(૨) શિક્ષણ વિભાગના તા.૨૨/૦૬/૨૦૧૬ના ઠરાવમાં "મુદ્દાનં.(૩) આ યોજના મુજબ ગુજરાત રાજયમાં જ ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ મીની બસોમાં વાર્ષિક ૨૫૦૦ .કિ.મી.ની મર્યાદામાં મુસાફરીની સુવિધાને બદલે નિગમની લોકલ/એકસપ્રેસ/ગુર્જર નગરી બસોમાં અમર્યાદિત સુવિધા આપવાની રહેશે." તેવી જોગવાઇ કરવામાં આવી છે તેના બદલે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

"મુદ્દાનં.(૩) આ યોજના મુજબ ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમની બસ જ્યાં-જ્યાં જાય ત્યાં તમામ પ્રકારની બસોમાં સુવિધા આપવાની રહેશે."

(૩) શિક્ષણ વિભાગના તા.૨૨/૦૬/૨૦૧૬ના ઠરાવમાં "મુદ્દાનં.(૬) ગુજરાત રાજ્યની બહારની મુસાફરી માટે પ્રવાસ ભાડામાં કોઇ રાહત મળવાપાત્ર થશે નહી." તેવી જોગવાઇ કરવામાં આવેલ, જે જોગવાઇ રદ કરવામાં આવે છે.

૨. આ વિભાગના તા.૨૨/૦૬/૨૦૧૬ના ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

૩. આ સુધારા ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગ તથા બંદર અને વાહન વ્યવહાર વિભાગના પરામર્શમાં સરકારશ્રીની નોંધથી મળેલ મંજૂરીથી રવાના કરવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

*e-Sign*

(તુષાર પટેલ)

ઉપ સચિવ

શિક્ષણ વિભાગ

પ્રતિ,

1. માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
2. માન.મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, મુખ્યમંત્રી કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, ગાંધીનગર.
3. સર્વે માન. કેબિનેટ મંત્રીશ્રીઓ/ રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સ્વર્ણીમ સંકુલ-૧ અને ૨, ગાંધીનગર
4. અધિક મુખ્ય સચિવશ્રી /અગ્ર સચિવશ્રી /સચિવશ્રીના અંગત સચિવશ્રીઓ, સચિવાલયના તમામ વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
5. કમિશનરશ્રી, શાળાઓની કચેરી,જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
6. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર સેકટર નં. ૧૯, ગાંધીનગર.
7. તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી (નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત)
8. સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા/નગરપાલિકા (નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત)
9. અગ્રસચિવશ્રી, બંદર અને વાહન વ્યવહાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
10. જનરલ મેનેજરશ્રી (ઓપરેશન), ગુ.રા.મા.વા.વ્ય. નિગમ,વાહન વ્યવહાર ભવન મધ્યસ્થ કચેરી નરોડા, અમદાવાદ
11. મુખ્ય પરીવહન અને વાણિજ્ય વ્યવસ્થાપકશ્રી, ગુ.રા.મા.વા.વ્ય. નિગમ,વાહન વ્યવહાર ભવન મધ્યસ્થ કચેરી નરોડા, અમદાવાદ
12. ગુજરાત રાજ્ય (રાજ્ય અને રાષ્ટ્રીય) એવોર્ડ ટીચર્સ ફેડરેશન ૧૦૯, શાર્દુલ ટાઉનશીપ, વિજાપુર, તા.વિજાપુર, જિ.મહેસાણા.
13. પગાર અને હિસાબ અધિકારીશ્રી, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર/અમદાવાદ
14. નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબ, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
15. પ્રમુખશ્રી ગુજરાત પ્રાથમિક શિક્ષણ સંઘ ગુજરાત રાજય ગાંધીનગર.

16. કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબ સાઇટ ઉપર મુકવા સારૂ)

17. શાખા સિલેકટ ફાઇલ-૨૦૨૫

18. નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ-૨૦૨૫.

Signature Not Verified
Signed by: Tushar L Patel
Under Secretary
Date: 2025.10.06
17:27:53 +05:30